મોબાઈલ ૯૮૨૫૪૭૩૬૬૫

આપની આજ

- ભાવેશ એન પટ્ટણી

Email:- info@BhaveshNPattni.com
Website:- www.BhaveshNPattni.com

આજનું પંચાંગ

ઉદિત તિથિ	કૃષ્ણ પક્ષ દ્વાદશી રાત્રે ૯:૩૦ સુધી, ત્યાર પછી ત્રયોદશી
વાર	ગુરુ
નક્ષત્ર	હસ્ત ૧૩ નવેમ્બર ના ૧:૫૫ સુધી, ત્યાર બાદ ચિત્રા
કરણ	કૌલવ ૧૧:૦૮ સુધી, ત્યાર પછી તૈતિલ રાત્રે ૯:૩૦ સુધી, ત્યાર બાદ ગજ
યોગ	વિષ્કુમ્ભ ૩:૪૫ સુધી, ત્યાર પછી પ્રીતિ
આજની રાશિ	કન્યા
રાશિના અક્ષરો	પ. ઠ. ણ.

આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

મેષ (અ. લ. ઈ.)
આજે બૌધિક રીતે વધુ કામ રહેશે અને શારીરિક થકાનનો પણ અનુભવ થશે. પણ, મહત્વનું એ છે કે અગત્યના કામો પૂર્ણ થશે. આપ આજના દિવસે બીજા લોકો સાથે હળી મળીને કામ કરશો તો બહુ જ સારું રહેશે અને જલ્દી કામો પૂર્ણ પણ થશે. આજે બધાં વિશેષ મદદ કરવા માટે તૈયાર હશે.

વૃષભ (બ. વ. ઉ.)
આજના બધા જ નિર્ણયો ખૂબ જ પ્રેક્ટીકલ હશે. આપ ક્યાંય પણ 'દિલલ્લથી વિચારીને નિર્ણય નહીં લ્યો. આપ દિમાગ ઉપર જોર આપશો, થોડું વધુ વિચારશો અને પછી જ નિર્ણય લેશો. કાર્યક્ષેત્રમાં આપનું પ્રદાન સારું રહેશે. જો ખેલકૂદમાં રસ હોય તો આજનો દિવસ સરસ પરફોર્મન્સનો દિવસ છે.

મિથુન (ક. છ. ઘ)
આજે મગજના ઘોડા વધુ દોડવાના છે. આપ અન્ય લોકોને મદદરૂપ થવા પ્રયાસ કરશો. એ પ્રયાસમાં આપને શ્રમ પડશે પણ છતાં આપ એ શ્રમ લેશો. આજે બીજા લોકોને આપ પ્રાધાન્ય આપશો. આજે વાતચીત અને વ્યવહાર વધારે રહેશે. કામ થશે, પણ વાતો વધુ થશે, એવું લાગે છે. જો કે, તેનાથી સંબંધો ગાઢ બનશે.

કર્ક (ડ. હ.)
આજના દિવસે જે લોકો આપની નજીક છે, તેમની સાથે સંપર્ક અથવા વ્યવહારમાં રહેશો. આપનો પ્રયાસ એવો રહેશે. આજે આપ લાગણીઓને શબ્દોનું આવરણ પહેરાવી અને વાત કરી શકશો. આજના દિવસે કેમ કે આપની દ્રષ્ટિ દરેક વ્યક્તિ કે વસ્તુ પ્રત્યે વ્યવહારિક હશે, એટલે આપ દિવસ આસાનીથી પસાર કરી શકશો. લાગણીઓમાં નહીં અટવાઓ.

સિંહ (મ. ટ.)
આપ બધા જ નિર્ણયો સમજી વિચારીને લેતાં હોવ છો પણ ક્યારેક જાલિમ ખર્ચ કરી નાખો છો. ક્વોલિટીમાં બાંધછોડ નહીં કરવાના સ્વભાવના લીધે આવું થતું હોય છે. પરતું આજે, આપ બજેટ મુજબ ખર્ચ કરશો તેવું જણાય છે. આજના દિવસ દરમ્યાન આપના બધા જ નિર્ણયો એકદમ વિચારીને લીધેલા હશે. આજે પરિવાર અને નાણાકીય બાબતો મહત્વપૂર્ણ રહેશે.

કન્યા (પ. ઠ. ણ)
આપને સફળતા મળવાના યોગ છે આજે. તાર્કિક શક્તિઓ અને મૂલ્યાંકનશક્તિઓનો અઆપ બરાબર ઉપયોગ કરી શકશો. આપ અડસટ્ટે કશું જ નહીં કરો. કોઈ પણ નિર્ણય લેતાં પહેલાં પૂર્વાભ્યાસ કરશો. જો આપને જે તે બાબતે આગળ વધવું યોગ્ય લાગે, તો જ આગળ વધશો. કોઈની કડક આલોચના કરવાનું ટાળજો પ્લીઝ.

તુલા (ર. ત.)
આપના જીવનનું સંતુલન આજે ખોરવાઈ જાય તેવી શક્યતાઓ છે. ચિંતા ન કરો, કોઈ મોટી નેગેટિવ ઘટના નથી બનવાની પણ હા, દિવસ બહુ પોઝીટિવ પણ નથી, એટલે સંભાળવું. વાહન ચલાવતા સાવચેત રહેવું. આર્થિક ખર્ચ અચાનક આવી પડે તેવી સંભાવનાઓ નકારી ન શકાય.

વૃશ્ચિક (ન. ય.)
આજનો દિવસ – આપ કઈ બાબતે કેવું રિએક્શન આપો છો, તેના પર જ નિર્ભર છે. નકારાત્મકતા આપને જલદી આકર્ષે છે. આજે કોઈ નકારાત્મક વિચારથી પ્રેરાઈને કોઈની સાથે મતભેદમાં ન ઉતરતાં. કોઈ પણ મુદ્દાના ઊંડાણમાં જવું, એ આપની ખાસિયત છે પણ એનાં સારાં પરિણામો આવવાં જોઈએ.

ધન (ભ. ફ. ધ. ઢ)
આજે આપ અદ્ભૂત રીતે વ્યસ્ત રહેશો. આજના દિવસે આપના જીવનમાં નવા આયામોનો ઉમેરો થશે. આપ પોતાના કાર્યો સરસ રીતે કરી શકશો. આજના દિવસે જે લોકો માટે આપ કામ કરશો તે લોકો આપની સરાહના કરશે. બિઝનેસ અને જોબ, બંનેમાં આજનો દિવસ સારો છે. આપ સુપિરિયર સાથે દલીલમાં ન ઉતારો તો સારું.

મકર (ખ. જ.)
જો આજનો દિવસ સારી રીતે વિતાવવો હોય તો તબિયતનું પૂરે પૂરું ધ્યાન રાખજો. જાતને બહુ શ્રમ ન આપશો. આ શરીર અને મગજ, કામ આપે છે – તો એને આરામની પણ જરૂર તો પડે જ ને? આજે બિઝનેસ ડિલિંગ કરવા માટે શુભ દિવસ નથી. કોઈ પણ નવી વસ્તુની ખરીદી કરો તો ભાવ અથવા ક્વોલિટી બાબતે અસંતોષ રહેશે.

કુંભ (ગ. શ. સ.)
સામાન્ય રીતે આપ લાગણીનો ઘડો ભરાવા દો છો, અને પછી વ્યક્ત કરો છો. આજે જુની/સંઘરેલી અવ્યક્ત લાગણીઓની અભિવ્યક્તિ થઈ જાવાની શક્યતા વધુ છે. ધ્યાન એમ રાખવાનું કે જેની સામે લાગણી વ્યક્ત થઈ રહી છે, તેના ઉપર શું અસર થાય છે? સહિયારી વસ્તુઓ જેમ કે - જોઈન્ટ બેંક અકાઉન્ટ, શેર, જમીન-જાયદાદ – વિગેરે વિષે આજે લાંબી ચર્ચા ટાળવી, નહીં તો તણાવ ઊભો થશે.

મીન (દ. ચ. ઝ. થ)
આજના દિવસ દરમ્યાન વિશેષ લાભ એ લોકોને થશે જે લોકોનો ભાગીદારીમાં વ્યવસાય હશે. નોકરિયાતોને આજે કામ કાજમાં સફળતા મળશે. મીડિયા સાથે સંકળાયેલા લોકો માટે આજનો દિવસ અત્યંત મહત્વપૂર્ણ રહેશે. કલાકારો માટે પણ આગત્યનો દિવસ છે. ખોટાં વિધાનો અર્થાત સ્ટેઇટમેન્ટ્સ ન આપશો. આપની છબિ ખરાબ થશે, લોકો આપને ખોટી નજરે જોશે.

રાજ્યમાં ૨૪ કલાકમાં નવા ૧૧૨૦ કેસ

છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ-૧૯ના કારણે ૬ દર્દીઓના મોત થયા, રાજ્યમાં કુલ ૫૪,૬૨૪ ટેસ્ટ કરવામાં આવ્યા

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૧૧૨૦ નવા કેસ નોંધાયા છે. જેની સામે ૧૦૩૮ દર્દીઓ સાજા થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોવિડ-૧૯ના કારણે ૬ દર્દીઓના મોત થયા છે. રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૩૭૮૫ થયો છે. ૨૪ કલાકમાં સૌથી વધુ સુરતમાં ૧૮૩ કેસ નોંધાયા છે. રાજ્યમાં કોરોનાના કુલ કેસ ૧,૮૪,૯૬૪ નોંધાયા છે. જેમાંથી એક્ટિવ કેસ ૧૨,૩૨૧ છે. આજે રાજ્યમાં કુલ ૫૪,૬૨૪ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

રાજ્યમાં સાજા થવાનો દર ૯૧.૨૯ ટકા છે. આરોગ્ય વિભાગે આપેલી વિગતો પ્રમાણે રાજ્યમાં નવા નોંધાયેલા કેસમાં સુરતમાં ૧૮૩, અમદાવાદમાં ૧૯૯, વડોદરામાં ૧૨૫, રાજકોટમાં ૧૨૬, મહેસાણામાં ૭૨, ગાંધીનગરમાં ૬૬, બનાસકાંઠામાં ૪૩, પાટણમાં ૩૮ સહિત કુલ ૧૧૨૦ કેસ નોંધાયા છે. રાજ્યમાં કોરોનાના કારણે ૬ દર્દીઓના મોત થયા છે. જેમાં અમદાવાદમાં ૩, સુરતમાં ૨ અને વડોદરામાં ૧ દર્દીઓનું મોત થયું છે. બીજી તરફ સુરતમાં ૨૧૦, અમદાવાદમાં ૧૬૦, વડોદરામાં ૧૨૫, રાજકોટમાં ૧૨૬, ગાંધીનગરમાં ૯૮, સાબરકાંઠામાં ૩૫ સહિત કુલ ૧૦૩૮ દર્દીઓએ કોરોના વાયરસને મ્હાત આપી છે. રાજ્યમાં અત્યારે કુલ ૧૨,૩૨૧ દર્દીઓ એક્ટિવ પેશન્ટ તરીકે દાખલ છે, જેમાં ૬૯ દર્દીઓ વેન્ટીલેટર પર છે. રાજ્યમાં ૧૨,૨૫૨ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૧,૬૮, ૮૫૮ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

બજારમાં કોરોનાનું ટેસ્ટિંગ
દિવાળીના તહેવારો પર બજારમાં ભારે ભીડ જોવા મળી રહી છે તેવામાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બજારમાં જ કોરોનાના રેપિડ ટેસ્ટ શરૂ કરવામાં આવ્યા છે.

વિશ્વની મોટી શક્તિને સેના જવાબ આપવા સક્ષમ : અમિત

ધોરડોમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ગર્જના : સરકારે ૬ વર્ષની અંદર કામ કરીને સીમાઓને સુરક્ષિત કરવાની જવાબદારી સારી રીતે નિભાવી હોવાનો દાવો

કચ્છ,તા.૧૨
સરહદી ક્ષેત્ર વિકાસ મહોત્સવ સંમેલનમાં ભાગ લેવા આવી પહોંચેલા કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ આજે કચ્છમાં છે. તેઓ કચ્છ જિલ્લાના ધોરડો ખાતે રાજ્યના ત્રણ સરહદી જિલ્લાના સરપંચો-આગેવાનો સાથે યોજાનાર સંમેલનમાં ભાગ લેવા પહોંચ્યા છે. તેઓએ સરહદી ક્ષેત્ર વિકાસ કાર્યક્રમમાં સરપંચ સાથે સંવાદ કરીને પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. સરપંચ સાથેના સંવાદમાં તેઓએ કહ્યું કે, સરહદ પર મા આશાપુરાનો આર્શીવાદ રહ્યો છે, આપણી સીમા તેમના આર્શીવાદથી સુરક્ષિત રહી છે. આજથી ગુજરાતમાં દિવાળીના તહેવારની શરૂઆત થાય છે. વિકાસના રસ્તે નવા વર્ષે આગળ વધીએ. વર્ષો બાદ હુ કચ્છમાં આવ્યો છું. ભૂતકાળને વાગોળીએ તો ભયાનક ભૂકંપની યાદ આવે છે. ભૂકંપના બીજા જ દિવસે હું પહોંચ્યો હતો, ભયાનક નજારો હતો એ સમયે. બધુ ધ્વસ્ત હતુ, ક્યાંય અખંડિત ન હતુ. વિનાશનું તાંડવ આ જ વિસ્તારમાં જોવા મળ્યું હતું. બધા કહેતા કે હવે ભૂજ ક્યારેય બેઠુ નહિ થાય. પરંતુ ગઈકાલથી કચ્છનું નવુ સ્વરૂપ જોઈને સંતોષ થાય છે. ફરીથી એકવાર લોકોએ પોતાના

ઘરને આલિશાન બનાવ્યા છે. પહેલા ભૂજમાં પનિશમેન્ટ પોસ્ટીંગ થતુ હતું, પણ આજે ભૂજ આવવા ઓફિસમાં લાઈન લાગે છે. આજે ખાવડા સુધી નીર પહોંચી ગયા છે. તેમણે કહ્યું કે, આજે રણોત્સવ આકર્ષણનું કેન્દ્ર બની ગયું છે. દેશની તમામ સીમાઓ પર આ પ્રકારે કાર્યક્રમ યોજાશે. હુ સીમાડાઓ પર જઈને સરહદી વિસ્તારમાં રહીશ પણ. આ સીમાંત ઉત્સવ વિકાસ જે શરૂ થયો છે તેનો હેતુ સીમાવર્તી ગામમાં રહેતા નાગરિકોને સુવિધા અપાવવાનો છે.

દિલ્હી-મુંબઈ જેવી સુવિધા અહી મળતી થાય. વિકાસ સીમાંત ગામમાં પહોંચે તે તેનો હેતુ છે. સીમાને સંભાળીને તમે લોકો બેસ્યા છે. અહીના લોકો જ સીમાના સજાગ પ્રહરી છે. બીએસએફ અને આઈટીબીપી જેવી જવાબદારી તમે નિભાવો છો. આગામી દિવસોમાં અનેક કાર્યક્રમો આવશે. જ્યા સુધી સીમા પર રહેનાર વ્યક્તિ જાગૃત નહિ થાય, ત્યા સુધી આપણી સીમા સુરક્ષિત નહિ થાય. આ કાર્યક્રમમાં કચ્છ જિલ્લાના ૧૦૬, પાટણના ૩૫, બનાસકાંઠાના ૧૭ મળી કુલ ૧૫૮ ગામના સરપંચો, આગેવાનો સહભાગી થયા છે. જેમાં સરહદી વિભાગને સ્પર્શતા શિક્ષણ, રસ્તા, આરોગ્ય સહિતના અન્ય વિકાસલક્ષી કામો સંદર્ભે ચર્ચા વિચારણા કરાઈ. બોર્ડર એરિયા ડેવલપમેન્ટ પ્રોગ્રામ, બીએડીપી યોજના હેઠળ હાથ ધરાનાર પ્રોજેકટો અંતર્ગત ચર્ચા કરાશે. આ યોજનામાં ૬૦ ટકા કેન્દ્ર સરકારની અને ૪૦ ટકા રાજય સરકારની હિસ્સેદારી છે.

અરવલ્લીમાં લાઈસન્સ વગર ધમધમતી ફટાકડાની ઠેર ઠેર હાટડીઓ

મોડાસા, તા. ૧૨
દિવાળીને આડે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે મોડાસા શહેર સહિત જિલ્લાના કેટલાક સેન્ટરો ઉપર ગેરકાયદેસર રીતે ધમધમતા માર્ગો ઉપર દારૂખાનાની હાટડીઓ ધમધમી ઉઠી છે. સમગ્ર જીલ્લામાં ગેરકાયદેસર પરવાના વગર ફટાકડાનું વેચાણ થતું હોવાનું જગજાહેર છે, મોડાસા શહેરમાં માત્ર બે વેપારીઓને ફટાકડાના વેપાર માટે લાઈસન્સ મળ્યું છે, બીજી બાજુ ૧૦૦ થી વધુ દુકાનો અને સ્ટોલ ખડકી ફટાકડાનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે. અરવલ્લી એસઓજી પોલીસે મોડાસા શહેરમાં સ્ટોલ ઉભા કરી

ફટાકડાનું પરવાના વગર વેચાણ કરનાર ૪ શખ્સો સામે જીલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાના ભંગ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસાના માલપુર રોડ, મેઘરજ રોડ સહિતના જાહેરમાર્ગો ઉપર સ્ટોલ બાંધી દારૂખાનાનું ધૂમ વેચાણ છેલ્લા અઠવાડીયાથી થઈ રહયું છે. જિલ્લા એસઓજીની ટીમ દ્વારા મોડાસા નગરમા આવેલ ફટાકડાની દુકાનોમાં કહેવાતું ચેકીંગ હાથ ધરાયું હતું અને ૧૦૦ થી વધુ સ્થળોએ વગર મંજૂરીએ, માન્ય જગા સિવાય અન્ય જગાએ, દુકાનની અંદર વેચાણ કરતા બહાર સ્ટોલ ઉભા કરી કરાતા વેચાણ સહિતના છડેચોક કાયદા ભંગ છતાં તંત્રના જવાબદારોએ ઈરાદાપૂર્વક આંખ મીંચામણ કર્યા હોય એમ ફક્ત ચાર વેપારીઓ સામે જીલ્લા મેજીસ્ટ્રના જાહેરનામા ભંગ બદલ કાર્યવાહી કરી સંતોષ માની લીધો હોય તેવું લાગી રહ્યું છે.

એસબીઆઈ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રેસિયો સુધરતા કોરોના હવે કોઇનુ કાંઇ બગાડી શકવાનો જ નથી તેવી માનસિકતા સાથે શહેરીજનો બિન્દાસ્ત બની ગયા હોવાનુ સ્પષ્ટ થઇ રહ્યુ છે. શહેર અને જિલ્લામાં રોજબરોજ કોરોનાના ૧૫ થી ૨૦ નવા કેસો સામે આવી રહ્યા છે. ત્યારે શહેરમાં સ્થિત સરકારી કચેરીઓમાં પણ કર્મચારીઓ કોરોનાની ઝપટે ચઢી રહ્યા છે. સરકારી કચેરીઓમાં પણ માસ્ક અને સોશિયલ ડીસ્ટન્સીંગની વાત જાણે વિસરાઇ ગઇ હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. બીજીતરફ બજારમાં વધતી ભીડમાં પણ કોરોનાથી બચવા માટે નાગરિકોમાં જાગૃતિ જોવા મળતી નથી. શહેરની એસ બી આઇ બેંકમાં કોરોનાના પાંચથી વધુ કેસ આવતા આજે આખો દિવસ આર્થિક વ્યવહાર ઠપ્પ થઇ ગયો હતો. બેંકમાં રોકડ લેવા કે જમા કરાવવા આવતા મુલાકાતીઓ બહારથી જ પરત થતા હતા. સે-૧૦ સ્થિત એસ બી આઇ બેંકની મુખ્ય શાખાના કર્મચારીઓમાં કોરોનાનુ સંક્રમણ વધતા કર્મચારીઓ સહીતના સ્ટાફમાં પણ ફફડાટ વ્યાપ્યો છે. દિવાળીના તહેવાર ટાંણે જ આજે બેંકનો આર્થિક વ્યવહાર ઠપ્પ થઇ ગયો હતો. બેંકની બહાર સ્થિત ચા ની કીટલી પર પણ કોરોનાથી સંક્રમિત બેંક કર્મચારીઓ ચર્ચા સ્થાને છે. બેંકના કેશિયર સહીતના કર્મચારીઓ કોરોનામાં સપડાતા સંપર્કમાં આવેલા અન્ય મુલાકાતીઓ કે કર્મચારીઓ પણ ટેસ્ટ કરાવી રહ્યા છે. દિવાળીના દિવસોમાં જ આજે બેંકનો આર્થિક વ્યવહાર બંધ રહેતા ગ્રાહકોએ હાલાકી વેઠવી પડી હતી જો કે તા ૧૩ નવેમ્બરથી બેંકમાં આર્થિક વ્યવહાર શરૂ થઇ જશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ હતુ. આજે દિવસ દરમિયાન એસ બી આઇ બેંકના કર્મચારીઓમાં કોરોના સંક્રમણના મુદ્દે તરેહ તરેહની ચર્ચાએ જોર પકડયુ હતુ.

૨૦ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યો છે. તો ઉદ્યોગ-ખાણ વિભાગમાં નાયબ સેકશન અધિકારી તરીકે ફરજો બજાવતા ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૨૦ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. ૫૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૩૦ વર્ષીય મહિલા જે સેવક તરીકે ફરજો બજાવે છે તેણીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૧૨માં તબીબી વિદ્યાશાખામાં અભ્યાસ કરતા ૨૨ વર્ષીય તાલીમી તબીબનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૨૯ માં રહેતા અને કૃષિભવનમાં ફરજ બજાવતા ૪૫ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૪ માંથી ૫૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૨૨ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. ૬૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત સે. ૨૧માં પ્રિન્ટીંગ પ્રેસ ચલાવતા ૫૮ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૨૩ માંથી આજે વધુ ૩ કેસ મળી આવ્યા છે. ૪૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૧૬ વર્ષીય દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૬૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૮ માંથી પણ ૩ કેસ મળી આવ્યા છે. એડવોકેટ તરીકે અમદાવાદમાં પ્રેક્ટીસ કરતી ૨૩ વર્ષીય મહિલા એડવોકેટનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૭૧ વર્ષીય નિવૃત્ત કર્મયોગી અને ૭૮ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૩-એ-ન્યુ માંથી ૨ કેસ મળી આવ્યા છે. ૬૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૬૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૨ માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. ૬૭ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૬૬ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરમાં હાલ ૨૫૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જેમાં ૧૬૦ થી વધુ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

૩.૦નું એલાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવા કર્મચારી જે પહેલા પીએફ માટે રજિસ્ટર્ડ નહોતા અને તેમની આવક ૧૫ હજારથી ઓછી છે તો તેમને આ યોજનાનો લાભ મળશે. જે લોકો ઓગસ્ટથી સપ્ટેમ્બર સુધી નોકરીમાં નહોતા, પરંતુ ત્યારબાદ પીએફથી જોડાયેલા છે તેમને પણ આનો લાભ મળશે. આ યોજના ૩૦ જૂન ૨૦૨૧ સુધી લાગુ રહેશે.

સરકાર બે વર્ષ સુધી ૧૦૦૦ની સંખ્યાવાળા કર્મચારીઓવાળી સંસ્થાઓને નવી ભરતીવાળા કર્મચારીઓને પીએફના પૂરા ૨૪ ટકા હિસ્સો સબ્સિડીના રૂપમાં આપશે. તે ૧ ઓક્ટોબર ૨૦૨૦થી લાગુ તશે. ૧૦૦૦થી વધુ કર્મચારીઓ વાળી સંસ્થામાં નવા કર્મચારીના ૧૨ ટકા પીએફ યોગદાન માટે સરકાર બે વર્ષ સુધી સબ્સિડી આપશે. તેમાં લગભગ ૯૫ ટકા સંસ્થાન આવી જશે અને કરોડો કર્મચારીઓને ફાયદો થશે.

આજના રાહત પેકેજમાં સરકારે કોવિડ-૧૯ મહામારીની વચ્ચે સૌથી વધુ નુકસાનનો સામનો કરનારા ૨૬ સેક્ટર્સ માટે ક્રેડિટ ગેરન્ટી સપોર્ટ સ્કીમની જાહેરાત કરી છે. સરકારે ૩ લાખ કરોડ રૂપિયાની ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરન્ટી સ્કીમ ની તારીખ વધારીને ૩૧ માર્ચ ૨૦૨૧ કરી દીધી છે. તેઓએ કહ્યું કે આત્મનિર્ભર ભારત હેઠળ ઈસીએલજીએસ સ્કીમ હેઠળ ૬૧ લાખ લોકોને લાભ મળશે.

પીએમ શહેરી આવાસ યોજના માટે ૧૮ હજાર કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. તેનાથી કુલ ૩૦ લાખ મકાનોને ફાયદો થશે. આ બજેટમાં જાહેર કરવામાં આવેલા ૮ કરોડ રૂપિયાથી વધારાના હશે. તેમાં ૭૮ લાખથી વધુ રોજગારીની તક ઊભી થશે. નિર્માણ અને માળખાકિય સુવિધા સેક્ટરની કંપનીઓને હવે કોન્ટ્રાક્ટ માટે પર્ફોમન્સ સિક્યુરિટીના રૂપમાં પથી ૧૦ ટકાને બદલે માત્ર ૩ ટકા રકમ રાખવી પડશે. આ રાહત આવતા વર્ષ એટલે કે ૨૦૨૧ની ૩૧ ડિસેમ્બર સુધી મળશે.